વૈષ્ણોદેવી પાસે હોટલમાં તોડફોડ : ટોળાએ વાહનો સળગાવ્યા

હોટલના ગ્રાહક બહાર નીકળ્યાને અકસ્માત સર્જાયો : ખોડીયારના ઠાકોરોનું ટોળુ માથાકુટ બાદ ફરી આવ્યુ ને બાઈકોના ઢગલા કરી સળગાવી નાંખ્યા : ત્રણ ગાડીઓ સળગાવ્યા બાદ હોટલમાં તોડફોડ કરી નાંખી : મોડી રાત્રે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ગાંધીનગર-અમદાવાદ પોલીસ ઉપરાંત બીએસએફ જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા

ગાંધીનગર, તા. ૩૧

એસ.જી. હાઈવે પર સ્થિત વૈષ્ણોદેવી પાસેની ગોરબંધ હોટલમાંથી ગ્રાહક જમીને બહાર નિકળ્યા ત્યારે સર્વિસરોડ પરથી બેફામ નિકળેલા બાઈકચાલકે તેમને ટક્કર મારી ઈજાગ્રસ્ત કરી નાંખ્યા હતા. ઠપકો આપતા સ્થાનિક બાઈકચાલક અને તેના મિત્રોના ટોળાએ બબાલ કરતા હોટલ સંચાલકે ગ્રાહકની તરફેણમાં આવી ગયા અને તેમને ભગાડ્યા હતા. થોડી જ વારમાં ૬૦ થી ૭૦ના ટોળા સાથે ખોડીયાર ગામના ઠાકોરોનું ટોળુ આવ્યુ અને હોટલમાં તોડફોડ કરી, ત્રણ ગાડીઓ અને બાઈકો સળગાવી નાંખી ધમાચકડી બોલાવી નાંખી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ, સ્થાનિક અને અમદાવાદ પોલીસ અને બીએસએફનો કાફલો સમયસર પહોંચી જતા આખરે સ્થિતિ પર કાબુ મેળવી લેવાયો હતો.

ગાંધીનગર ફાયરબ્રિગેડે સ્થળ પર પહોંચી સળગેલા વાહનો પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ લઈ લીધો હતો. તો બીજી તરફ ખોરજ અને ખોડીયાર સામસામે આવેલા ગામ એક પટેલ તો બીજુ ઠાકોરોનું ગામ હોવાથી પરિસ્થિતિ વણસે નહી તે માટે પોલીસ સ્ટેન્ડ ટુ કરી દેવાઈ હતી.

ગોરબંધ હોટલમાં જમીને દિપકભાઈ ચિનુભાઈ ત્રિવેદી તથા તેમના પત્નિ રૂપાબેન હોટલની બહાર નિકળ્યા ત્યારે બાઈક નં. જીજે-૧.એનઆઈ-૮૧૩૦ લઈને યુવાનો નિકળ્યા અને રૂપાબેનને ટક્કર મારી ઘાયલ કર્યા હતા. દિપકભાઈ અને રૂપાબેને ઠપકો આપતા ખોડીયાર ગામના ઠાકોર યુવાનો સામે થઈ ગયા હતા. જે જોઈને ગોરબંધ હોટલના સંચાલકો બહાર આવી બબાલ કરતા બાઈકચાલક તથા તેના અન્ય મિત્રો જે રીક્ષા લઈને આવ્યા હતા તેમને ભગાડ્યા હતા. રૂપાબેનને તે ટોળકીએ માર મારી રૂ. ૧.૨૫ લાખનો દોરો લુંટી લીધો હોવાની ફરીયાદ દિપકભાઈએ નોંધાવી છે. તો બીજી તરફ થોડીવારમાં ખોડીયાર ગામમાંથી ટ્રક ભરીને ૬૦ થી ૭૦ ઠાકોરોનું ટોળુ ગોરબંધ હોટલ આવી પહોંચ્યું અને પાર્કીંગમાં પડેલા ત્રણ જેટલા બાઈકોનો ઢગલો કરીને સળગાવી નાંખ્યા, ત્રણ ગાડીઓ સળગાવી નાંખી અને અન્ય આસપાસ પડેલી ગાડીઓના કાચમાં તોડફોડ કરી અંદર ઘુસી ગયા હતા. હોટલમાં તોડફોડ કરી ખુરશી ટેબલો ઉછાળી નાંખ્યા હતા અને સીસીટીવી કેમેરા પણ ફોડી નાંખી ધમાલ મચાવી મુકી હતી.

હાઈવે પર જતા-આવતા વાહનોના પણ ટોળાએ કાચ ફોડ્યા

રાત્રે ગોરબંધ પાસે થયેલી માથાકુટ બાદ ટોળુ વિફર્યુ હતુ અને હોટલ બહાર પાર્ક કરેલા વાહનો પૈકી ત્રણ બાઈક ત્રણ ગાડીઓ સળગાવી નાંખી આસપાસની ગાડીઓમાં તોડફોડ કરી હતી. તે ઉપરાંત હાઈવે પરથી પસાર થતા નિર્દોષ વાહનચાલકોની ગાડીઓના કાચ પણ ટોળાએ ફોડી હંગામો મચાવ્યો હતો.

ઈજાગ્રસ્ત મહિલાના પતિએ ટોળા સામે લુંટની ફરીયાદ આપી

બાઈકની ટક્કરે ઘાયલ થયેલા મહિલા રૂપાબેન સાથે ઝપાઝપી કરી ૧૫થી ૨૦ના ટોળાએ ગળે પહેરેલો રૂ. ૧.૨૫ લાખનો દોરો લુંટી લીધો હોવાની ફરીયાદ ઈજાગ્રસ્ત રૂપાબેનના પતિ દિપકભાઈએ અડાલજ પોલીસ મથકમાં નોંધાવી છે. અડાલજ પોલીસે ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

અકસ્માતનો કિસ્સો સાઈડટ્રેક થઈ ગયો અને પટેલો અને ઠાકોરો આમને સામને આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવ તથા અમદાવાદથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ બનાવ સ્થળે સ્થાનિક અને અમદાવાદના પોલીસ કાફલા ઉપરાંત બીએસએફ સાથે પહોંચી ગયા હતા. ગાંધીનગર એલસીબી, એસઓજીનો કાફલો પણ બનાવ સ્થળે પહોંચી ગયો અને પરિસ્થિતિને થાળે પાડી રાત્રે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડે તેમના કાફલા સાથે પહોંચી વાહનોની આગ કાબુમાં લીધી હતી. આ પ્રકરણ અંગે હોટલ માલીક હિતેષ પટેલની ફરીયાદને આધારે ભરત ઠાકોર, અરવિંદ ઠાકોર, ગોવિંદ ઠાકોર, કેતન ઠાકોર, કનુ ઠાકોર, રજની યાદવ, હિમાંશુ બારોટ અને હિતેષ પટેલ સહિત ૬૦ થી ૭૦ના ટોળા સામે અડાલજ પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પુનઃ લેવાયેલ તલાટીની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયું છે. ૫૦ જગ્યાઓની ભરતી માટે ૯૧ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ આજે દહેગામના કનીપુર ગામે જઈ પાટીદાર આંદોલનમાં જાન ગુમાવનાર પિતા-પુત્રના પરિવારને મળ્યા હતા અને દિલસોજી પાઠવી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.આર.ઓ.ની જગ્યા ભરી દેવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો સતત વધી રહી છે.

● મહાનગરપાલિકાની બંધ સોલાર લાઈટો પણ ઝડપથી ચાલુ કરવાની માંગણી ધીરે ધીરે જોર પકડી રહી છે.

● રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલ અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શ્રાવણના સોમવારે સોમનાથની પૂજા કરી દર્શન કર્યા હતા.

● આજે સાંજથી વોટ્સઅપ અને ઈન્ટરનેટ સેવાઓ કાર્યરત થતાં યુવાઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામેલ છે.

● નેટ સેવાઓ બંધ હોવાને કારણે ઈ. રીટર્ન ફાઈલ કરનારાઓ નિરાશ થયા હતા.

● મોબાઈલ ક્રેઝી એક મહિલા વાત કરતાં કરતાં એક પિલર સાથે અથડાતાં મહિલાને હાથે ફ્રેક્ચર થયાનું જાણવા મળેલ છે.

હરિની દૃષ્ટિ...

'મન કી બાત' સમજવા આર.ટી.આઈ. ના કરી શકો....!! એ સમજવા બુદ્ધિ જોઈએ...!!

સ્વામીનારાયણ મંદિર પેથાપુર ખાતે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી એટલે કે ૨ ઓગષ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી ફૂલોના, ફળફળાદિ, શાકભાજી, ચોકલેટ તથા અન્ય કલાત્મક હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર આયોજન મંદિરના મહંત સ્વામી પૂ. ગુરૂસ્વામીજી દ્વારા કરવામાં આવ્યું હતું. પેથાપુર ગામ તેમજ ગાંધીનગર શહેરના ભક્તોએ પવિત્ર હિંડોળાના દર્શનનો લાભ લીધો હતો.

(તસવીર : કશ્યપ નીમાવત)

દહેગામ ખાતે વન પર્યાવરણ જાગૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩૧

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર અને ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માસ કોમ્યુનિકેશન અન્વયે વનપર્યાવરણ જાગૃતિ સેમિનારનું આયોજન શ્રી વી.જે.દવે હાઈસ્કુલ, દહેગામ ખાતે કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં હાઈસ્કુલના વિધાર્થીઓને વન અને પર્યાવરણીય સમસ્યાઓના નિવારણ માટે તેમજ ગુજરાતનું વન્યજીવન અને પર્યાવરણ અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન મદદનીશ વન સંરક્ષક શ્રી હેમંતભાઈ સુથાર દ્વારા કરીને માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ વનપર્યાવરણ ક્ષેત્રે યુવાનોમાં જાગૃતિ આવે, ગુજરાતનો વન વિસ્તાર વધે અને કલાઈમેન્ટ ચેન્જ થઈ રહ્યું છે, ત્યારે વૃક્ષોનું જતન કરીને દરેક રોપો વૃક્ષ બને તેવું જતન કરવા યુવાનોને જણાવ્યું હતું.

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી નરેશભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં વનપર્યાવરણ જાગૃતિ સેમિનારનો હેતુ અને ઉદેશોની વિસ્તૃત સમજ આપીને વનપર્યાવરણ અને માનવીના જીવનમાં હકારત્મકતા દ્વારા વનસંપદા અને પ્રાકૃતિક વિરાસતમાં યુવાનો પોતાનું નોંધપાત્ર યોગદાન આપે તેવી અપીલ કરી હતી.

આ પ્રસંગે સહાયક માહિતી નિયામક શ્રી જગદીશભાઈ આચાર્ય, શાળાના આચાર્ય શ્રી કનુભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ દવે સહિત ધોરણ૧૧ અને ૧૨ના વિધાર્થીઓ અને શિક્ષકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સેમિનારનું સફળ સંચાલન શ્રી નટવરભાઈ જે. ચૌધરીએ કર્યું હતું.

ખેલમહાકુંભ સાથે-સાથે હવે સ્પોર્ટસ લીગનું આયોજન થશે

અમદાવાદ, તા.૩૧

ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૦થી રાજયમાં ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો છે. ત્યારે હવે ખેલમહાકુંભમાં સારો દેખાવ કરનારા શાળા-કોલેજના ખેલાડીઓ માટે આકર્ષક પુરસ્કાર સાથેની સ્પોર્ટસ લીગનું આયોજન કરવાનું વિચારવામાં આવી રહ્યું છે.

આ સ્પોર્ટસ લીગ કબડ્ડી, ખોખો, વોલીબોલ, ફુટબોલ અને બાસ્કેટબોલની રમતનો સમાવેશ કરવામાં આવશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા છેલ્લા પાંચ વર્ષથી નિયમીત રીતે ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ત્યારે હવે ખેલમહાકુંભ અંતર્ગત શાળા અને કોલેજનાં ખેલાડીઓને વધુ પ્રોત્સાહન આપવા માટે સ્પોર્ટસ લીગનું આયોજન કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

આ સ્પોર્ટસ લીગ યોજનાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે તાજેતરમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બેઠકમાં આ પ્રારંભીક તબક્કે આ સ્પોર્ટસ લીગ અમદાવાદ, સુરત,રાજકોટ અને વડોદરા એમ કુલ ચાર ઝોનમાં રમાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે આ સ્પોર્ટસ લીગમાં શાળા-કોલેજનાં ખેલાડીઓ માટે અલગ અલગ સ્તરે કબડ્ડી-ભાઈઓ,ખોખો-બહેનો, વોલીબોલ-ભાઈઓ અને બહેનો, ફુટબોલ-ભાઈઓ અને વોલીબોલ રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રમતો સર્વપ્રથમ જ તે ઝોનમાં રમાશે. જે તે રમતમાં સારૂ પર્ફોમન્સ કરનારી કોલેજ કે શાળામાં આ લીગનું આયોજન કરવામાં આવશે.

ગાંધીનગર સમાચાર

Advertisement Tariff

[Effective from : August 1, 2015]

Inside Page
Rs. 80.00 per col. cms.

Last Page
Rs. 100.00 per col. cms.

First Page
Rs. 120.00 per col. cms.

Besnu - Shraddhanjali - Prarthana Sabha
Rs. 50.00 per col. cms.

Tachukdi
Rs. 250.00 fix (Size - 5 cms x 4 cms)
(Every Sunday)

No extra charges for color advertisement

684/1, Sector-8, Gandhinagar-382 008. Gujarat.
e-mail : gsamacharadvt@gmail.com